<u>નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧</u>

સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશનનાં અહેવાલ અન્વયે સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ "પુરક પોષણ કાર્યક્રમ અંતર્ગત બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓની આરોગ્ય અને પોષણ" ની સ્થિતિમાં સુધારો કરવા પ્રતિક જોગવાઈ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૪૦૯/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭-૦૬-૨૦૨૦

<u>સંદર્ભ</u>:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૭/૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: પોષણ/આઇસીડીએસ/૭૧૨૭૭-૭૮/સેન્ટ્રલ ફાઇનાન્સ કમિટી/પોષણ જોગવાઇ/નવીબાબત/૨૦૨૦-૨૧

<u>ઠરાવ</u>:-

નવેમ્બર-૨૦૧૯ માં પ્રકાશિત થયેલ સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશનનાં વર્ષ ૨૦૨૦-૨૧ નાં અહેવાલમાં જણાવ્યાનુસાર ગ્લોબલ હંગર ઇન્ડેક્સ અનુસાર કુલ ૧૧૭ દેશો પૈકી વર્ષ ૨૦૧૫માં ભારતનો ક્રમ ૯૩ હતો જે વર્ષ ૨૦૧૯ માં ૧૦૨ ક્રમાંકે પહોંચી ગયેલ છે. નાણાપંચના અહેવાલમાં જણાવ્યાનુસાર જીવનના શરૂઆતના તબક્કાઓમાં પુરતું પોષણ આપવામાં આવે તો સારો શારીરિક અને માનસિક વિકાસ થાય છે અને લાંબા ગાળે તંદુરસ્ત આરોગ્ય રહે છે. સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશનના મતે પુરતા પોષણ ઉપર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે અને જો એક વર્ષ પણ મોડુ થાય તો દેશની ભાવિ માનવમૂડીને નુકશાન થઈ શકે તેમ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭ માં પૂરક પોષણ કાર્યક્રમ અંતર્ગત બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને અપાતાં પૂરક પોષણ માટે વધુ નાણાકીય જોગવાઇ સૂચવવામાં આવેલ હતી પરંતુ Cabinet Committee on Economic Affairs (CCEA) દ્વારા ઓછી જોગવાઇ મંજુર કરવામાં આવેલ હતી. ભારત સરકાર દ્વારા ફોર્ટીફીકેશન અને અન્ય ખર્ચને પહોંચી વળવા માટે સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશન પાસે વર્ષ ૨૦૧૭ની જોગવાઇ ઉપરાંત વધારાની ૫૦% જોગવાઇ મંજુર કરવા માટે દરખાસ્ત કરેલ હતી. જેને ધ્યાને લેતાં

સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશન દ્વારા બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓનાં પોષણ માટે લાભાર્થીદીઠ વધારાના રૂ.૩/- મંજુર કરવામાં આવેલ છે. સંદર્ભ (૧) થી સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશનનાં અહેવાલ અન્વયે આઇસીડીએસ હેઠળ પુરક પોષણ કાર્યક્રમ અંતર્ગત બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓનાં પોષણ માટે નવી બાબત ૨૦૨૦-૨૧ તરીકે રૂ. ૧.૦૦ લાખ ની ટોકન જોગવાઇ કરવા દરખાસ્ત રજુ કરેલ હતી.

સેન્ટ્રલ ફાઇનાન્સ કમિશનનાં અહેવાલ અન્વયે સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ "પુરક પોષણ કાર્યક્રમ અંતર્ગત બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓની આરોગ્ય અને પોષણ" ની સ્થિતિમાં સુધારો કરવા માટે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં રૂ. ૧.૦૦ લાખ (રૂપિયા એક લાખ) ની પ્રતિક જોગવાઈ માટે નીચેની વિગતે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૨) આ યોજનાનો અમલ તા.૧-૪-૨૦૨૦ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨,પોષણ, ખાદ્ય અને પીણાંની વંહેચણી |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૨૦ અર્બન વિસ્તારોમાં પોષણ કાર્યક્રમ સશક્તિકરણ (નાણાં પંચ) |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૯/૬/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય,  ગાંધીનગર

(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૧૪) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત  કચેરી, જિ. ..........

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૦) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૧) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૨) સિલેક્ટ ફાઇલ